# સ્પોર્ટ્સ લાઈન

૧૨

મંગળવાર ૭ એપ્રિલ, ૨૦૨૬







**IPL 2026** | આજની મેચ | RR Vs MI | સમય: સાંજે 7:30 વાગ્યે | સ્થળ: ગુવાહાટી

| ટીમ | મેચ | જીત | હાર | રદ | પોઇન્ટ | નેટ રન |
|---|---|---|---|---|---|---|
| PBKS | 3 | 2 | 0 | 1 | 5 | 0.637 |
| RCB | 2 | 2 | 0 | 0 | 4 | 2.501 |
| RR | 2 | 2 | 0 | 0 | 4 | 2.233 |
| DC | 2 | 2 | 0 | 0 | 4 | 1.170 |
| SRH | 3 | 1 | 2 | 0 | 2 | 0.275 |
| MI | 2 | 1 | 1 | 0 | 2 | -0.206 |
| LSG | 2 | 1 | 1 | 0 | 2 | -0.542 |
| KKR | 3 | 0 | 2 | 1 | 1 | -1.964 |
| GT | 2 | 0 | 2 | 0 | 0 | -0.424 |
| CSK | 3 | 0 | 3 | 0 | 0 | -2.517 |

## કેન્ડીડેટ્સ ચેસ : પ્રજ્ઞાનંદાને કોઇપણ ભોગે જીતની જરૂર

પાફોસ, તા. 06 (પીટીઆઈ) : ભારતીય ગ્રાન્ડમાસ્ટર આર પ્રજ્ઞાનંદાએ મંગળવારે આઠમા રાઉન્ડમાં નેધરલેન્ડ્સના અનિશ ગિરી સામે ટકરાશે ત્યારે કેન્ડિડેટ ટુર્નામિેન્ટમાં ટકી રહેવા માટે તેને કોઈપણ ભોગે જીત મેળવવી પડશે. પ્રજ્ઞાનંદા સાત રાઉન્ડ પછી 3.5 પોઈન્ટ સાથે ગિરી સાથે સંયુક્ત રીતે ત્રીજા સ્થાને છે. ટુર્નામિેન્ટમાં હજુ સાત રાઉન્ડ બાકી છે.તેના પાંચ મુકાબલા ડ્રો રહ્યા છે. મહિલા કેટેગરીમાં, યુક્રેનની અન્ના મુઝીચુક સ્ટેન્ડિંગમાં આગળ છે. પ્રજ્ઞાનંદાની બહેન આર. વૈશાલી ચાર પોઈન્ટ સાથે બીજા ક્રમે છે, જ્યારે દિવ્યા દેશમુખ અડધો પોઈન્ટ પાછળ છે.

## રગ્બી પ્રીમિયર લીગ 16 જૂનથી હૈદરાબાદમાં રમાશે

નવી દિલ્હી, તા. 06 : રગ્બી પ્રીમિયર લીગ 16 થી 28 જૂન દરમિયાન હૈદરાબાદના ગચીબોવલી સ્ટેડિયમ ખાતે રમાશે. આ ટુર્નામિેન્ટનું આયોજન જીએમઆર સ્પોર્ટ્સ અને રગ્બી ઈન્ડિયા દ્વારા કરવામાં આવી રહ્યું છે. રગ્બી પ્રીમિયર લીગ ગયા વર્ષે પહેલી વાર યોજાઈ હતી. તેની પહેલી સીઝનની જેમ, આ વર્ષે પણ સ્પર્ધા રગ્બી સેવન્સ ફોર્મેટમાં યોજાશે. પાછલા વર્ષોની જેમ, છ ફ્રેન્ચાઇઝી ટીમો ભાગ લેશે. જીએમઆર સ્પોર્ટ્સે તાજેતરમાં તેલંગાણા સરકાર સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા બાદ આ જાહેરાત કરવામાં આવી છે.

## સેમસન-બુમરાહ પ્લેયર ઓફ ધ મન્થ માટે નોમિનેટ

દુબઈ, તા. 06 : ભારતીય ઓપનર સંજુ સેમસન અને ઝડપી બોલર જસપ્રીત બુમરાહને સોમવારે આઇસીસી પ્લેયર ઓફ ધ મન્થ ઓફ માર્ચ માટે નોમિનેટ કરવામાં આવ્યા હતા. ન્યુઝીલેન્ડ સામેની પ્રથમ ટી-20 સીરિઝમાં પ્રભાવશાળી પ્રદર્શન બાદ દક્ષિણ આફ્રિકાના બેટ્સમેન કોનોર એસ્ટરહુઇઝેનને પણ નોમિનેટ કરવામાં આવ્યો છે. દરમિયાન, ટી-20 વર્લ્ડકપની અંતિમ કેટલીક મેચોમાં પ્રભાવશાળી પ્રદર્શન બાદ પ્લેયર ઓફ ધ ટુર્નામિેન્ટ તરીકે જાહેર કરાયેલા સંજુ સેમસનને બુમરાહ સાથે નામાંકિત કરવામાં આવ્યા છે, જે ફાઇનલમાં પ્લેયર ઓફ ધ મેચ હતો. સેમસન શરૂઆતની મેચોમાં રમી શક્યો નહીં, પરંતુ વેસ્ટ ઈન્ડિઝ સામેની ક્વાર્ટર ફાઇનલ અને મુંબઈમાં ઈંગ્લેન્ડ સામેની સેમિફાઇનલમાં અણનમ 97 રન બનાવ્યા.

### હાલત ગલી ક્રિકેટ જેવી અને વાત નંબર વન લીગ બનવાની

# નકવીનું દીવાસ્વપ્ન : PSL IPLને પાછળ છોડી દેશે

**IPLના** મીડિયા રાઈટ્સનું મૂલ્ય 600 કરોડની સામે PSLનું મૂલ્ય 9.30 કરોડ ડોલર, આ તફાવત જ ફરક દર્શાવે છે

**IPLની** વાર્ષિક આવક 100 કરોડ ડોલરથી વધુ, જ્યારે PSLની આવક લગભગ 6 કરોડ ડોલર સુધી મર્યાદિત



કરાચી, તા. 06 : ટ્રોફી ચોરના નામે વગોવાયેલા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ના વડા મોહસીન નકવી હવે દિવાસ્વપ્નો જોઈ રહ્યા છે. તેમણે પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ) અંગે એક મોટું નિવેદન આપતાં કહ્યું છે કે પીએસએલ ઝડપથી વિકસી રહ્યું છે અને ભવિષ્યમાં આઈપીએલને ટક્કર આપીને વિશ્વની સૌથી મોટી ટી20 લીગ પણ બની શકે છે.

પીસીબી બોર્ડ ઓફ ગવર્નર્સની બેઠકમાં બોલતા, નકવીએ કહ્યું કે પીએસએલમાં રોકાણકારોનો વધતો રસ તેની લોકપ્રિયતા અને વૃદ્ધિને દર્શાવે છે. તે સમય દૂર નથી જ્યારે પીએસએલ વિશ્વની નંબર વન લીગ બનશે. નકવીનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે વર્તમાન પીએસએલ સીઝન મર્યાદિત સંસાધનો સાથે યોજાઈ રહી છે અને મેચો ફક્ત બે સ્થળોએ રમાઈ રહી છે. દરમિયાન, આઈપીએલ 2026 કોઈપણ વિક્ષેપો વિના શેડ્યૂલ મુજબ ચાલી રહી છે. આ તફાવત બંને લીગના સંચાલન અને ટકાઉપણાને સ્પષ્ટપણે પ્રતિબિંબિત કરે છે.

વધુમાં, ક્રિકેટ ગુણવત્તા, ચાહકોની સંલગ્નતા, પ્રસારણ અધિકારો અને પ્રસારણ ગુણવત્તાની દ્રષ્ટિએ આઈપીએલ પીએસએલ કરતાં ઘણું આગળ છે. આઈપીએલના મીડિયા અધિકારો આશરે 600 કરોડ ડોલરના છે, જ્યારે PSLનું મૂલ્ય આશરે 9.30 કરોડ ડોલર છે. આઈપીએલની વાર્ષિક આવક 100 કરોડ ડોલરથી વધુ છે, જ્યારે પીએસએલની આવક લગભગ 6 કરોડ ડોલર સુધી મર્યાદિત છે. વધુમાં, પ્રસારણ ગુણવત્તા, ચાહકોની સંલગ્નતા અને વૈશ્વિક પહોંચના સંદર્ભમાં આઈપીએલ લીગ કરતાં નોંધપાત્ર રીતે આગળ છે. નવીનતમ વર્લ્ડ ક્રિકેટર્સ એસોસિએશન રેન્કિંગમાં, પીએસએલ હાલમાં 48 પોઈન્ટ સાથે હાલમાં રમાતી લીગમાં પાંચમા ક્રમે છે, જ્યારે આઈપીએલ 62.2 પોઈન્ટ સાથે ત્રીજા ક્રમે છે. ધ હન્ડ્રેડ 75.2 પોઈન્ટ સાથે પહેલા અને SA20 68 પોઈન્ટ સાથે બીજા સ્થાને છે.

# વરસાદે મેચ ધોઇ નાંખતાં પંજાબ અને KKR વચ્ચે પોઇન્ટ વહેંચાયા

**મેચની** ચોથી ઓવરમાં ત્રાટકેલા વરસાદે રમત અટકાવી ત્યારે KKRનો સ્કોર બે વિકેટે 25 રન હતો

**રાત્રે** 10.30 વાગ્યે વરસાદ બંધ થયો તે પછી કટઓફ ટાઇમ સુધી મેચ શરૂ થવાની સંભાવના ન રહી

> **સાત વર્ષમાં પહેલીવાર સુનીલ નરીન અને વરુણ ચક્રવર્તી વગર KKR મેદાનમાં ઉતર્યું**
>
> કોલકાતા, તા. 06 : કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર)એ આજે સોમવારે પંજાબ કિંગ્સ સામેની પોતાની મેચમાં બંને ફ્રન્ટલાઈન સ્પિનરો, વરુણ ચક્રવર્તી અને સુનીલ નારાયણ વગર મેદાને ઉતર્યું હતું, એપ્રિલ 2019 પછી અર્થાત સાત વર્ષમાં પહેલીવાર એવું બન્યું છે કે બંને સ્પિનરો ટીમમાં નથી. કેકેઆરના કેપ્ટન અજિંક્ય રહાણેએ ટોસ સમયે પુષ્ટિ કરી હતી કે ફેરફારો ફરજિયાત હતા. સનરાઇઝર્સ હૈદરાબાદ સામેની પાછલી રમતમાં કેચ લેતી વખતે ચક્રવર્તીને ઈજા થઈ હતી, જ્યારે નરીન બીમારીને કારણે ઉપલબ્ધ નહોતો. બંને સ્પિનરો બહાર હોવાથી, કેકેઆર પાસે અનુકુલ રોયના રૂપમાં ફક્ત એક નિષ્ણાત સ્લો બોલર બચ્યો છે. આ ઉપરાંત ટીમે વેસ્ટ ઈન્ડિઝના ઓલરાઉન્ડર રોવમેન પોવેલ અને ભારતીય ઝડપી બોલર નવદીપ સૈનીને ટીમમાં સામેલ કર્યા છે, જેમણે ફ્રેન્ચાઇઝી વતી ડેબ્યૂ કર્યું હતું.

કોલકાતા, તા. 06 : કેકેઆર અને પંજાબ કિંગ્સ વચ્ચેની આજે સોમવારની મેચ શરૂ થયાની ચોથી ઓવરમાં જ વરસાદને કારણે વિક્ષેપ પડ્યો હતો અને તે પછી સતત પડતાં રહેલા વરસાદને કારણે મેચ રમાડી શકાય તેવી પરિસ્થિતિ રહી નહોતી અને અંતે રાત્રે 11 વાગ્યે મેચને રદ જાહેર કરવામાં આવી હતી અને બંને ટીમ વચ્ચે પોઇન્ટ વહેંચાયા હતા.

આ પહેલા જ્યારે વરસાદ સતત ચાલુ રહ્યો હતો તેના કારણે સમગ્ર મેદાન કવરથી ઢંકાયેલું હતું. પહેલા બેટિંગ કરતા કેકેઆરની શરૂઆત નબળી રહી હતી, તેણે ફિન એલન અને કેમેરોન ગ્રીનની વિકેટ ગુમાવ્યા પછી વરસાદે રમત અટકાવી ત્યારે 3.4 ઓવરમાં 25 રનમાં બે વિકેટ ગુમાવી દીધી છે.

અંગક્રિશ રઘુવંશી 7 અને અજિંક્ય રહાણે 8 રને ક્રિઝ પર હતા. કેકેઆરને એક જ ઓવરમાં ઝેવિયર બાર્ટલેટ દ્વારા બે ઝટકાનો સામનો કરવો પડ્યો, બાર્ટલેટે ફિન એલનને 6 રને અને પછી કેમેરન ગ્રીનને 4 રને આઉટ કર્યો હતો. મેચની ચોથી ઓવરના ચાર બોલ ફેંકાયા પછી વરસાદને કારણે બંધ થયેલી રમત ફરી શરૂ થવાના કોઇ એંધાણ તે સમયે જ જણાયા નહોતા. મેદાન પર થોડા સમય માટે વરસાદ બંધ થયો હતો, પછી ફરી શરૂ થયો. તે પછી રાત્રે લગભગ 9.30 વાગ્યે વરસાદ ધીમો પડ્યો તો ખરો પણ સતત ચાલું રહ્યો હતો અને તેની સાથે જ જોશભેર પવન ફુંકાયો હતો. મોટાભાગના ખુલ્લા સ્ટેન્ડ ઉજ્જડ દેખાયા હતા. વરસાદ રાત્રે 10.30 વાગયે બંધ તો થયો પણ તે પછી ગ્રાઉન્ડ્સમેનને મેદાન પર મોપીંગ સહિતની કામગીરી કરી તો ખરી પણ અંતે અમ્પાયર્સ અને બે કેપ્ટન્સ વચ્ચે થોડી વાતચીત પછી મેચ રદ કરવાનો નિર્ણય લેવાયો હતો.

# રાજસ્થાન રોયલ્સની આક્રમક રમત સામે આજે મુંબઈ ઈન્ડિયન્સે સાવધ રહેવું પડશે

**બિમારીને** કારણે દિલ્હી કેપિટલ્સ સામેની મેચ ગુમાવનાર હાર્દિકની ફિટનેસ પર નજર

**સાંજે** 7.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

ગુવાહાટી, તા. 06 (પીટીઆઈ) : ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) માં પોતાની છેલ્લી મેચમાં હાર બાદ વાપસી માટે કટિબદ્ધ, મુંબઈ ઈન્ડિયન્સ આવતીકાલે મંગળવારે અહીં રાજસ્થાન રોયલ્સ સામેની મેચમાં મેદાને ઉતરશે ત્યારે આશા રાખશે કે તેમનો કેપ્ટન હાર્દિક પંડ્યા રમવા માટે સંપૂર્ણપણે ફિટ થઈ જશે.

હાર્દિક બીમારીને કારણે દિલ્હી કેપિટલ્સ સામેની પાછલી મેચ ગુમાવી હતી, જેમાં તેની ટીમ છ વિકેટથી હારી ગઈ હતી. હાર્દિકની ગેરહાજરીમાં ભારતના ટી-20 કેપ્ટન સૂર્યકુમાર યાદવે ટીમનું નેતૃત્વ કર્યું હતું, પરંતુ ટીમ તેના સર્વાંગી પ્રદર્શનને ચૂકી ગઈ. હાર્દિકની ગેરહાજરીને કારણે ટીમ કોમ્બિનેશનમાં પણ ફેરફારની જરૂર પડી. તેના સ્થાને દિપક ચાહરે સારી બોલિંગ કરી, પરંતુ અનુભવી ઝડપી બોલર ટ્રેન્ટ બોલ્ટને બદલે કોર્બિન બોશને ટીમમાં સામેલ કરવાનો નિર્ણય ઉંધો પડ્યો હતો.

હાર્દિકે પ્રેક્ટિસ શરૂ કરી દીધી છે, જેના કારણે તેની વાપસીની શક્યતા વધુ મજબૂત બની છે. પહેલી મેચમાં શાનદાર બોલિંગ કરનાર શાર્દુલ ઠાકુર છેલ્લી મેચમાં મોંઘો સાબિત થયો હતો, જ્યારે હંમેશા વિશ્વસનીય જસપ્રીત બુમરાહ આર્થિક રીતે કરકસરયુક્ત રહ્યો છે પરંતુ આ સિઝનમાં અત્યાર સુધી એક પણ વિકેટ લઈ શક્યો નથી. સ્પિન વિભાગમાં, મિચેલ સેન્ટનરે અફઘાનિસ્તાનના રહસ્યમય સ્પિનર અલ્લાહ ગઝનફરના સ્થાને ટીમમાં પોતાની પસંદગીને યોગ્ય ઠેરવી હતી અને તે પોતાનું સ્થાન જાળવી રાખે તેવી શક્યતા છે.

રાજસ્થાનના ટોચના ક્રમના બેટ્સમેનોએ અત્યાર સુધી સારું પ્રદર્શન કર્યું છે. રાજસ્થાને અત્યાર સુધી આક્રમક વલણ અપનાવ્યું છે, અને મુંબઈએ સાવધ રહેવાની જરૂર પડશે. ઓપનર યશસ્વી જયસ્વાલ અને યુવા સેન્સેશન વૈભવ સૂર્યવંશીએ ટીમને વિસ્ફોટક શરૂઆત અપાવી છે.

## IPL ડાયરી

### અમ્પાયર્સે RCB બેટ્સમેનોનું ડ્રિંક્સ પીતા, કાર્તિક-પાટીદાર રોષે ભરાયા



નવી દિલ્હી, તા. 06 : ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રવિવારની સાંજે ડ્રિંક્સ બ્રેક દરમિયાન હાઇ-વોલ્ટેજ ડ્રામા જોવા મળ્યો હતો. ડ્રિંક્સ બ્રેક દરમિયાન બનેલી એક વિચિત્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે અને ચાહકો તેની મજા લઇ રહ્યા છે. હકીકતમાં, જ્યારે આરસીબીના બેટ્સમેન રજત પાટીદાર અને દેવદત્ત પડિક્કલ બ્રેક દરમિયાન પાણી શોધી રહ્યા હતા, ત્યારે મેદાન પરના અમ્પાયર કેપ્ટન પાટીદાર માટે બનાવેલી પાણીની બોટલમાંથી પાણી પીતા દેખાયા હતા. આ જોઈને, કેપ્ટન પાટીદાર, મુખ્ય કોચ એન્ડી ફ્લાવર અને બેટિંગ કોચ દિનેશ કાર્તિકના હાવભાવ બદલાઈ ગયા. ત્રણેય સ્પષ્ટપણે નારાજ હતા અને અમ્પાયરની સામે ગુસ્સો ઠાલવ્યો હતો. જોકે, અમ્પાયરે ચાલાકીપૂર્વક અન્ય અમ્પાયર ભણી અંગુલી નિર્દેશ કરીને વાત વાળી લીધી હતી. જો કે આ વીડિયો વાયરલ થતાં લોકોએ વિવિધ ટીપ્પણી કરી હતી.

### CSKમાં વાપસી પહેલા ધોનીએ ફિટનેસ ટેસ્ટ પાસ કરવો પડશે



ચેન્નાઇ, તા. 06 : આઇપીએલની હાલની સિઝનમાં સંઘર્ષ કરી રહેલી ચેન્નઈ સુપર કિંગ્સ માટે મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. ટીમને પાંચ IPL ટાઇટલ અપાવનાર કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની વાપસીની તૈયારી કરી રહ્યો છે. જો કે ધોનીએ તે પહેલા ફિટનેસ ટેસ્ટ પાસ કરવો પડશે. ધોની ટુર્નામિેન્ટ પહેલા પગમાં થયેલી ઈજાને કારણે આ આઇપીએલ સિઝનમાં હજુ સુધી રમ્યો નથી. સીએસકે તેની પહેલી ત્રણ મેચ હારી ગયું છે. એક અહેવાલ મુજબ ધોનીની વાપસી ફિટનેસ ટેસ્ટના પરિણામો પર નિર્ભર રહેશે. જો બધું બરાબર રહ્યું, તો ધોની આ શનિવારે ચેપોક ખાતે દિલ્હી કેપિટલ્સ સામે સીએસકેની આગામી મેચમાં રમી શકે છે. ધોનીએ નેટ્સમાં બેટિંગ શરૂ કરી દીધી છે અને તેને કોઈ અગવડતાનો અનુભવ થઈ રહ્યો નથી. સીએસકે ટીમ મેનેજમેન્ટ કોઈ જોખમ લઈ રહ્યું નથી અને 44 વર્ષીય ધોનીને મેદાનમાં ઉતાવળમાં લાવવા માંગતું નથી.

### પંતના વિજયી ફટકા સામે અવેશના બાઉન્ડ્રી-લાઇન એક્ટથી ઇન્ટરનેટ ગાજ્યું, કેટલાકે ડેડ બોલ ગણાવ્યો



હૈદરાબાદ, તા. 06 : લખનઉ સુપર જાયન્ટ્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે રવિવારે રમાયેલી મેચમાં જ્યારે એલએસજીના કેપ્ટન ઋષભ પંતે જયદેવ ઉનડકટના બોલને લોંગ ઓફ બાઉન્ડ્રી પર ફટકારીટીમ ને જીતાડી ત્યારે રસપ્રદ વાત એ બની કે બોલ બાઉન્ડ્રી સુધી પહોંચે તે પહેલાં, એલએસજીના બોલર અવેશ ખાને ઉજવણીની ક્ષણમાં બોલ બાઉન્ડરી બહાર જાય તે પહેલા તેને પાછો ફટકારીને મેદાનમાં ધકેલ્યો હતો. કોઈ ફિલ્ડર નજીકમાં નહોતો, અને અવેશની ક્રિયાએ કોઈ ફિલ્ડરને અવરોધ્યો ન હતો. જોકે, સોશિયલ મીડિયામાં કેટલાકે આશ્ચર્ય દર્શાવ્યું કે આ હરકતથી એસઆરએચની તરફેણમાં પાંચ પેનલ્ટી રન આપવા જોઈતા હતા. કેટલાક લોકોએ કાયદા 20.1 (ડેડ બોલ) અને કાયદા 41 (અનફેર પ્લે)નો પણ ઉલ્લેખ કર્યો હતો.

### ઇમ્પેક્ટ પ્લેયર નિયમ રમતમાંથી કુશળતા છીનવી રહ્યો છે : જેમીસન

નવી દિલ્હી, તા. 06 (પીટીઆઈ) : દિલ્હી કેપિટલ્સના ઝડપી બોલર કાયલ જેમિસને અન્ય ઘણા ખેલાડીઓની જેમ, સોમવારે ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માં ઇમ્પેક્ટ પ્લેયર નિયમની ટીકા કરતા કહ્યું કે તે રમતમાંથી ઘણી કુશળતા છીનવી રહ્યો છે. જેમીસને ગુજરાત ટાઇટન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચેની મેચ પહેલા પત્રકારોને જણાવ્યું કે વ્યક્તિગત રીતે, હું આ નિયમનો ચાહક નથી. મને લાગે છે કે તે રમતમાં કૌશલ્યનું મહત્વ નોંધપાત્ર રીતે ઘટાડે છે. મને લાગે છે કે જો તમારી પાસે નવમા કે દસમા નંબર સુધી બેટ્સમેન હોઈ શકે છે, તો તમારે પહેલા જે પ્રકારની બેટિંગ કુશળતાની જરૂર હશે તેની જરૂર નથી. ઘણા વર્તમાન અને માજી ક્રિકેટરોએ આ નિયમ અંગે ચિંતા વ્યક્ત કરી છે. કેટલાક ખેલાડીઓ આ નિયમને ઓલરાઉન્ડરોના વિકાસમાં અવરોધ માને છે.

### IPL છોડવા અંગે અશ્વિને કહ્યું, તે માનસિક રીતે પરેશાન કરનારું અને પીડાદાયક હતું

ચેન્નાઈ, તા. 06 : ભારતના માજી ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિને ખુલાસો કર્યો છે કે જો તે ચેન્નાઈ સુપર કિંગ્સ વતી રમતી વખતે માનસિક રીતે અસ્વસ્થતા અને પીડાદાયક તબક્કામાંથી પસાર ન થયો હોત તો તે આઈપીએલમાં થોડો વધુ સમય રમી શક્યો હોત. 2024માં ઇન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરનાર અશ્વિને ગયા વર્ષે આઈપીએલમાંથી પણ નિવૃત્તિની જાહેરાત કરી હતી. સ્ટાર સ્પિનરે તેની યુટ્યુબ ચેનલ અશ કી બાત પર જણાવ્યું હતું કે તેણે ફ્રેન્ચાઇઝીઓને તેના ભવિષ્યનો નિર્ણય લેવાની મૂંઝવણમાંથી બચાવવા મા ટે આઈપીએલમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો છે. સીએસકે સાથે મારી સીઝન નિરાશાજનક રહી.

# વેસ્ટહામને હરાવી 1987 પછી લીડ્સ પહેલીવાર એફએ કપ સેમીમાં પહોંચ્યું

**ઇન્જરી** ટાઇમમાં બે ગોલની સરસાઇ ગુમાવનાર લીડ્સે પેનલ્ટી શૂટઆઉટમાં વેસ્ટ હામને હરાવ્યું



લંડન, તા. 06 (એપી) : લીડ્સે બીજા હાફના ઈન્જરી ટાઈમમાં બે ગોલની લીડ ગુમાવી દીધા પછી આખરે પેનલ્ટી શૂટઆઉટમાં વેસ્ટ હામને 4-2થી હરાવીને 1987 પછી પહેલી વાર એફએ કપ સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો. લંડન સ્ટેડિયમમાં વેસ્ટ હામ માટે મેટિયસ ફર્નાન્ડિસ અને એક્સેલ ડિસાસીએ 93મી અને 96મી મિનિટમાં ગોલ કરીને 2-2ની બરાબરી કરી, જેના કારણે મેચ વધારાના સમયમાં ગઈ. આ ક્વાર્ટર-ફાઈનલ મેચમાં, વેસ્ટ હામના બે ગોલ ઓફસાઈડને કારણે વધારાના સમયમાં રદ થયા હતા, જેના કારણે લીડ્સનો વિજય શૂટઆઉટમાં થયો હતો. વેસ્ટ હામના ફિનલે હેરિકે જોએલ પિર્લોની પેનલ્ટી બચાવી હતી, પરંતુ લીડ્સના પાસ્કલ સ્ટ્રુઈકે નિર્ણાયક પેનલ્ટી પર ગોલ કરીને પોતાની ટીમને જીત અપાવી હતી. નિયત સમયની શરૂઆતમાં, લીડ્સે એઓ તનાકા અને ડોમિનિક કેલ્વર્ટ-લેવિનના ગોલની મદદથી 2-0ની લીડ મેળવી હતી. સેમી ફાઈનલમાં લીડ્સનો મુકાબલો ચેલ્સી સામે થશે. માન્ચેસ્ટર સિટી અને સાઉધમ્પ્ટન બીજી સેમિફાઈનલમાં એકબીજા સામે ટકરાશે, જે 25 અને 26 એપ્રિલે વેમ્બલી ખાતે રમાશે.

# એશિયન બોક્સિંગ : ઓલિમ્પિક્સ મેડલિસ્ટને હરાવી પ્રીતિ ફાઈનલમાં

**નિખત**-લવલીના હારીને આઉટ, પ્રિયા અને અરુંધતી પણ ફાઇનલમા, પૂજા-અંકુશિતાએ બ્રોન્ઝ જીત્યો

ઉલાનબાતર (મંગોલિયા), તા. 06 (પીટીઆઈ) : ઉભરતી ભારતીય બોક્સર પ્રીતિ પવારે કોરિયાની પેરિસ ઓલિમ્પિક્સ બ્રોન્ઝ મેડલિસ્ટ અજી ઈમને હરાવીને એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો જ્યારે નિખત ઝરીન અને લવલીના બોરગોહેન હારીને બહાર થઈ ગયા હતા. પ્રિયા અને અરુંધતી ચૌધરીએ પણ પોતાના સેમી ફાઈનલ મુકાબલા જીત્યા. વર્લ્ડ ચેમ્પિયનશિપ મેડલિસ્ટ પૂજા રાની અને અંકુશિતા બોરોને સેમી ફાઈનલમાં હાર મળતાં બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો.

એશિયન ગેમ્સની બ્રોન્ઝ મેડલિસ્ટ પ્રીતિએ ત્રણ રાઉન્ડની સ્પર્ધામાં ઈમને 5-0થી હરાવી હતી. હવે ફાઈનલમાં તેનો સામનો 2019, 2023 અને 2025 એમ ત્રણ વખતની વિશ્વ ચેમ્પિયન અને ટોક્યો ઓલિમ્પિક્સ 2020ની બ્રોન્ઝ મેડલિસ્ટ ચાઈનીઝ તાઈપેઈની હુઆંગ ઝિયાઓવેન સાથે થશે. મહિલાઓની 60 કિગ્રા કેટેગરીમાં, પ્રિયાએ સ્થાનિક બોક્સર નમૂન મોનખોરને 5-0 થી હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો. હવે તેનો સામનો ઉત્તર કોરિયાની ઉન જેઓંગ વોન સાથે થશે. અરુંધતીએ 70 કિગ્રા સેમિફાઈનલમાં ઉઝબેકિસ્તાનની ઓઈશા તોઈરોવાને 4-1થી હરાવી અને હવે તેનો સામનો કઝાકિસ્તાનની બેકિત સેયિદીશ સાથે થશે. બે વખતની વિશ્વ ચેમ્પિયન નિખત 51 કિગ્રા સેમી ફાઈનલમાં ચીનની ઓલિમ્પિક મેડલ વિજેતા વુ યુ સામે ૫-૦થી હારી ગઈ, જે બોક્સર સામે તેની બીજી હાર હતી.

# માર્ટિનેઝના બે ગોલથી ઈન્ટર મિલાનની સેરી-એ ટાઇટલ રેસમાં આગેકૂચ

મિલાન, તા. 06 (એપી) : ઈજામાંથી પાછા ફરેલા લૌટારો માર્ટિનેઝે બે ગોલ કરતા ઈન્ટર મિલાને રોમાને 5-2થી હરાવીને સેરી એ ટાઈટલની આશા વધારી હતી. આ જીત સાથે, ઈન્ટર મિલાને સ્પર્ધામાં ચાર મેચોથી જીતહીન રહેવાનો પોતાનો સિલસિલો પણ સમાપ્ત કર્યો.

સાન સિરો સ્ટેડિયમમાં માર્ટિનેઝે બીજી અને 52મી મિનિટમાં ગોલ કર્યો. ઈન્ટર મિલાન માટે હકન ચાલ્હાનોગ્લુ, માર્કસ થુરામ અને નિકોલો બરેલાએ પણ ગોલ કર્યા. રોમા માટે ગિયાનલુકા માન્સિની અને લોરેન્ઝો પેલેગ્રિનીએ ગોલ કર્યા. આ જીતથી ઈન્ટર મિલાનના 31 મેચમાં 72 પોઈન્ટ થયા અને ટોચ પર તેમનું સ્થાન મજબૂત થયું. તેઓ હવે બીજા ક્રમે રહેલા એસી મિલાનથી નવ પોઈન્ટ આગળ છે અને ડિફેન્ડિંગ ચેમ્પિયન નેપોલીથી 10 પોઈન્ટ આગળ છે.

## આજનું પંચાંગ

**તા. 07/04/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીક્રમ સંવત :** 2552 **માસ :** ચૈત્ર
**તિથિ:** વદ: પાંચમ: 16:35
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ચૈત્ર: 17
**યોગ :** વ્યતિપાત **કરણ:** ગર
**નક્ષત્ર :** જયેષ્ઠા:29:55 સુધી જન્મેલાની જ્યેષ્ઠા અને તે પછી મૂળની શાંતિ કરાવવી
**રાશિ:** વૃશ્ચિક (ન,ય) 29:55 પછી ધન (ભ,ધ,ફ,ઢ)
**દિવસ :** અશુભ
**સુરતમાં સૂર્યોદય :** 06:28 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:54
**નવકારસી :** 07:16
**પારસી વર્ષ :** 1395 આવા માસનો 26મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 શવ્વાલ માસનો 18મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાં:** કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુ કાળ :** બપોરે:- 15:00 થી 16:30 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** પારીવારિક વેપારમાં નફો વધશે. પરિવારમાં તાલમેળથી સમસ્યાનું સમાધાન થાય. ઉઘરાણી આવી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ,):** ઉત્સાહવર્ધક સમાચાર મળે. પ્રવાસમાં મિલન-મુલાકાત થાય. કોઈ નવું કામ મળી જાય. પરિવારનો સાથ મળે. આવક વધશે.

**મિથુન (ક,છ,ઘ,):** કોઈની વાતોમાં આવવુ નહી. પ્રવાસમાં સાવધાન. અચાનક બીનજરૂરી ખર્ચા વધશે. લેવડ-દેવડમાં ધીરજ.

**કર્ક (ડ,હ,):** ભેટ કે ઈનામ મળી શકે છે. કોઇને મળવાથી ખુશી વધશે. મિત્રો સાથે મનોરંજન થાય. પ્રેમમાં પ્રગતિનો અનુભવ.

**સિંહ (મ,ટ,):** નવા કામની શરૂઆત થાય. આવક વધારવાની નવી યોજના બને. સમાજમાં માન વધે. અચાનક નવા ફેરફાર થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** નોકરીમાં પ્રમોશન થઇ શકે છે. પરિવાર સાથે ધાર્મિક યાત્રા થાય. વિદેશનો કામમાં મદદ મળે.

**તુલા (ર,ત,):** પડવા-વાગવાથી સાવધાન. આરોગ્ય નરમ રહે. આવક વધે. વાદ-વિવાદથી અશાંતિ વધે. મિત્રોનો સાથ.

**વૃશ્ચિક (ન,ય,):** ઘરમાં ઉત્સવજેવું વાતાવરણ રહે. રોજના કામમાં આવક વધે. અચાનક શુભ સમાચાર મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** લેવડ-દેવડમાં સાવધાની રાખવી. હરીફોથી સાવધાન રહેવું. આરોગ્ય નરમ-ગરમ રહે. ખર્ચા વધશે.

**મકર (ખ,જ,):** વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. સંતાનોના કામમાં મદદ મળે. મિત્રો સાથે મનોરંજન થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** મિત્રો, પરિવાર સાથે મનોરંજન થાય. બહારના કામમાં પ્રગતિ થાય નવા વાહનની યોજના બને.

**મીન (દ,ચ,ઝ,થ,):** ઉતાવળ કરવી નહી. દલાલીની આવક વધશે. ટેકનોલોજીનો લાભ મળે. ઉધાર લેવું નહીં.

### કોઈ પણ સાલમાં 07 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધા વ્યવસાય નવાં ફેરફાર થાય. આર્થિક બાબતે સામાન્ય રહે. આરોગ્ય નરમ-ગરમ રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. નોકરી-ધંધા વ્યવસાયમાં હરીફોની હેરાનગતિ વધે. સમાજમાં સામાન્ય રહે. ટેકનોલોજીનો ઉપયોગ અને સરકારી નીતિ પ્રમાણે કામ કરવું પડે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળતી રહે. ઊંમરલાયકના વિવાહ થાય. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં ચડતી-પડતી રહે. વિદેશનો કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓની મહેનત વધશે. નવા ઘર, વાહન, મકાન બાબતે પ્રગતિ થાય. વધારાની આવક માટે મિત્રોની મદદથી યોજના બને. સામાજીક, કાયદાકીય, વારસા, જાયદાત-જમીન જેવા કામમાં વડીલોનો સાથ મળે. યાત્રા-પ્રવાસ ધર્મ કર્મ થાય. જૂન-જુલાઈ, સોમ-ગુરુ અને 7,16,25 તારીખ નવાં કામમાં લઈ શકાય. ગુલાબી, સફેદ રંગનો ઉપયોગ કરતાં રહેવું. ઓગસ્ટ, સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર 5,14, 23 તારીખ નવા કામ ટાળવો. લાલ અને લીલો રંગ ઓછો વાપરવો.

### સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | | | ૧ | | ૫ | | ૩ |
| ૯ | | ૨ | ૮ | ૩ | ૫ | | | ૬ |
| ૧ | | | ૬ | | ૯ | | | |
| | | | | | ૧ | | | ૨ |
| | ૧ | | ૯ | ૨ | ૩ | ૪ | | ૭ |
| ૨ | ૫ | | | | | | | ૯ |
| ૪ | ૨ | ૯ | | | ૭ | ૮ | ૬ | ૧ |
| | ૮ | ૧ | | | ૪ | | ૩ | |
| | ૭ | | ૧ | | ૮ | | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### ઉનાળાનું અમૃત

ઉનાળાનું ત્રીજું અમૃત! લીલા નાળિયેરનું પાણી, જલ - ક્ષય મટાડે ભલે જાત હોય બફાતા.